માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના લોકપ્રિય ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી **૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક** લઇને આવ્યા છે તેનું હું સમર્થન કરું છું અને તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

જે વ્યક્તિઓ ગુના કરવામાં સામેલ થાય છે તેઓ ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા કાયદેસરના સ્રોતો સિવાયની આવકમાંથી મોટા પ્રમાણમાં મિલકતો એકઠી કરે છે અને તેઓ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવવા માટે આવી મિલકત અથવા મિલકતમાંથી થયેલી આવકનો ઉપયોગ કરવાનું ચાલું રાખે છે.

આવી વ્યક્તિઓ સામે ફોજદારી કાર્યરીતિ અને મિલકતની જપ્તીની પ્રક્રિયામાં થતા વિલંબના લીધે, આવી વ્યક્તિઓને તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની છુટ મળે છે. જેનાથી ફોજદારી ન્યાય વ્યવસ્થાતંત્ર પર તેની પ્રતિકૂળ અસર પડે છે. તેથી ફોજદારી કેસની તપાસ સાથે સંકળાયેલી મિલકતોની ઝડપી જપ્તી તથા તે અંગેના કેસો ઝડપથી ચલાવવા માટે એક

વિશેષ કોર્ટ ઊભી કરવાની તાકીદની જરૂરિયાત હતી, તે આ કાયદો બનવાથી પૂરી થશે તેવું મારૂ ચોક્કસપણે માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

વધુમાં સદરહુ વિધેયકની જુદી જુદી કલમોથી વિશેષ કોર્ટની રચના, વિશેષ કોર્ટ દ્વારા કેસની ન્યાયિક નોંધ, વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા, વિશેષ કોર્ટના હુકમ સામે અપીલ, એક વિશેષ કોર્ટમાંથી અન્ય વિશેષ કોર્ટમાં કેસોની તબદીલી, જપ્તીનો હુકમ હાઈકોર્ટ દ્વારા અપીલમાં સુધારવા અથવા રદ કરવામાં આવે ત્યારે તેના રીફંડની વ્યવસ્થા, શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ તેમજ રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમના હેતુઓ પાર પાડવા નિયમો ઘડવાની સત્તા જેવી ખૂબ જ અગત્યતા ધરાવતી જોગવાઇઓ કરેલ છે. કાયદેસરના સ્રોતો સિવાયની આવકમાંથી મોટા પ્રમાણમાં મિલકતો એકઠી કરવાની ગુનાહિત પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે રાજ્યની કાનૂની અથવા નૈતિક જવાબદારી ધ્યાનમાં રાખી આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી વ્યક્તિ વિરુદ્ધ મિલકતોની જપ્તી માટેની કાર્યવાહી કરવા આ વિશેષ કોર્ટ કામ કરશે.

સૂચિત વિશેષ કોર્ટનું પ્રમુખસ્થાન હાઇકોર્ટની સહમતીથી રાજ્ય સરકાર નામનિયુક્ત કરે તેવા જજ સંભાળશે. આ કોર્ટ તેની સમક્ષ રજૂ કરાયેલા અથવા આ વિધેયકની કલમ–૧૦માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર તેને તબદીલ કરવામાં આવેલા કેસોની ન્યાયિક નોંધ લેશે અને ઇન્સાફી કાર્યવાહી કરશે. પોલીસ અધિક્ષકના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા સંબંધિત અધિકારી મારફતે મળેલા તપાસ અધિકારીના રિપોર્ટના આધારે પગલાં લેવામાં આવશે. તપાસ અધિકારી દ્વારા મિલકત જપ્તીની નોટિસ ઇસ્યુ કરવી આવશ્યક છે. જો જપ્ત કરેલી મિલકતની બજાર કિંમત અધિકૃત અધિકારી પાસે જમા કરાવેલી હશે તો મિલકત જપ્ત કરાશે નહિ. સદરહુ વિધેયકથી કરવા ધારેલી જોગવાઇઓ વિધેયકના ઉદ્દેશોને સિદ્ધ કરવા સંપૂર્ણ સાબિત થશે તેમ મારૂં માનવું છે.

ગઇકાલે વિધાનસભાએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક દ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૯૮ની પેટા–કલમ (૨)માં સુધારવાનું જે વિધેયક પસાર કરેલ છે અને તેમાં વિશિષ્ટ જોગવાઇ કરી હરાજી મારફતે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ

સ્ટેશન અથવા કોર્ટ કંપાઉન્ડમાં વણવપરાયેલા પડી રહેતા વાહનોનો હરાજી મારફતે નિકાલ કરવાની જે જોગવાઇ કરી ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે તેવું સદરહુ વિધેયકથી વિધેયકમાં કરવામાં આવેલી જોગવાઈઓથી હેતુઓ સિદ્ધ થશે તેવું મારૂં માનવું છે. આ વિધેયકને મારો ટેકો આપું છું.